| રજુ તારીખ : | ૦૯ | ૦૭ | ૨૦૧૫ |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૦૯ | ૦૭ | ૨૦૧૫ |
| ફેસલ તારીખ : | ૦૩ | ૦૨ | ૨૦૨૨ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૬ | ૨૫ |

# મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, મુ.અમદાવાદ.

**રેફરન્સ કેસ નં– ૩૭૮/૨૦૧૫**

**આંક–** ૧૯

**પ્રથમ પક્ષકારઃ–** (૧) **બ્રીન્સ આર્યા**
હે.અષ્ટમંગલ ફ્લેટ, ધરણીધર ચાર રસ્તા,
ધરણીધર બ્રીજ પાસે, અમદાવાદ.

(૨) **રેપીડ સિક્યુરીટી સર્વિસ**
હે.ગોપાલ પેલેસ, બી–બ્લોક, છઠ્ઠો માળ,
નહેરુનગર, અમદાવાદ.

**:: વિરુદ્ધ ::**

**બીજા પક્ષકારઃ–** **શ્રી ઝેવિયર માઈકલ ફ્રાન્સીસભાઈ**
હે.સી.ટી.એમ. અમદાવાદ.
c/o સહકાર કામદાર યુનિયન,
હે.અજીત મીલ સામે, રખિયાલ રોડ,
અમદાવાદ.

---

**પ્રતિનિધિઓઃ–**

**પ્રથમ પક્ષકાર તરફેઃ–ગેરહાજર**

**બીજા પક્ષકાર તરફેઃ–પ્રતિનિધિ શ્રી એસ.કે. કાઝી.**

---

## --:: એ વો ર્ડ ::--

(૧) આઈ.ડી.આર. કેસ નંબર–૧૪૩/૨૦૧૫ નાં કામે સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદ વિભાગ દ્વારા તેમનાં હુકમ ક્રમાંક–નાશ્રઆ/અવિ/વિ–૧/આઈડીઆર.નં/૧૪૩/૨૦૧૫/૧૦૭૪૬ તા.૦૬–૦૪–૨૦૧૫ થી હાલનો વિવાદ ઔદ્યોગિક વિવાદ ( સુધારા ) અધિનિયમ ૨૦૧૦ ની જોગવાઈ અનુસાર સીધો મજૂર અદાલતમાં દાખલ કરવા બીજા પક્ષકાર કામદારને જણાવતા હાલનાં કામે આંક–૧ થી રજુ રેફરન્સ કેસ બીજા પક્ષકાર કામદાર દ્વારા તા.૦૯–૦૭–૨૦૧૫ નાં રોજ મજૂર અદાલત, અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ રેફરન્સ પ્રમાણે અરજદાર **શ્રી ઝેવિયર માઈકલ ફ્રાન્સીસભાઈ**ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સહિત તમામ આનુષાંગિક લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૪) અરજદાર તરફે આંક–૧ થી તેમનુ માંગણા નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં સંપુર્ણ વફાદારીપુર્વક અને ખંતીત રીતે માસિક રૂા.૮,૦૦૦/– પગારથી ડ્રાયવર તરીકે એક વર્ષ કામ કરેલ. અરજદારે તેઓની નોકરી દરમ્યાન કોઈપણ જાતનો ગુનો કે ગેરવર્તણુંક કરેલ નથી. અરજદાર કાયમી ડ્રાયવર હતા.

૪.૧) વધુમાં અરજદાર તેઓનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, અરજદાર કામદારને સામા.સંસ્થા તરફથી દર્શાવેલ પગાર સિવાય બીજા કોઈ હક્ક લાભ આપતા ન હતા. જેથી અરજદારે બાકી પગાર તથા કાયદેસરનાં હક્કોની માંગણી કરતા સામા.સંસ્થાએ અરજદારને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર તેમજ અન્ય કાયદેસરનાં હક્કોનું વળતર ચુકવ્યા વગર તા.૨૨–૦૯–૨૦૧૪ નાં રોજથી

ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે. આમ, અરજદારને સામા.સંસ્થાએ કોઈપણ જાતની ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર તેમજ કાયદેસરની વિધિ કર્યા વગર એક માત્ર મૌખિક હુકમથી છુટા કરી બેકારીનાં ખપ્પરમાં હોમી દીધેલ છે.

૪.૨) વધુમાં અરજદાર તેઓનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે,અરજદારને છુટા કર્યા બાદ સામા.સંસ્થાને પુનઃસ્થાપિત થવા માટે ડીમાન્ડ નોટીસ મોકલેલ. જે સામા.સંસ્થાને મળવા છતાં સંસ્થા તરફથી કોઈ જવાબ ન મળતા તેમજ અરજદારને પુનઃસ્થાપિત ન કરતા અરજદારે મે.મદદનીશ મજુર કમિશ્નર સાહેબ સમક્ષ પુનઃસ્થાપિતની ફરિયાદ લખાવેલ. ત્યાં પણ સામા.સંસ્થાએ અરજદારને કામે ન રાખતા આ રેફરન્સ અત્રેની અદાલતને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે.

૪.૩) વધુમાં અરજદાર તેઓનાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, સામા.સંસ્થાએ અરજદારને છુટા કર્યા બાદ અરજદારે નોકરી મેળવવા બીજે ઘણાં પ્રયત્નો કર્યા પરંતુ અરજદારને નોકરી કે કોઈ કામ મળેલ નહીં અને હાલ અરજદાર બેકાર છે. સામા.સંસ્થા જો અરજદારને કામે રાખે તો અરજદાર જવા તૈયાર છે.

૪.૪) વધુમાં અરજદાર તેઓનાં માંગણા નિવેદનમાં દાદ માંગે છે કે, સામા.સંસ્થાએ અરજદાર કામદારને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય તા.૨૨–૦૯–૨૦૧૪ નાં રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ તેવુ ઠરાવવા અરજ ગુજારેલ છે તેમજ અરજદારને પડેલા દિવસોનાં પુરા પગાર સહિત તથા આનુસાંગિક લાભો સહિત અરજદારની મૂળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુનઃસ્થાપિત કરે તેવો સામા.સંસ્થાને હુકમ કરવા અરજ ગુજારેલ છે. તેમજ રેફરન્સનો ખર્ચ સામા.સંસ્થા પાસેથી અપાવવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે આંક–૧ થી રજુ અરજદારનાં માંગણા નિવેદનનાં અનુસંધાને આંક–૩ થી સામા.સંસ્થાને નોટીસ કરતા જે નોટીસની બજવણી ધોરણસરરીતે સંસ્થાને થયેલ હોવા છતાં સંસ્થા તરફે હાજર થઈ અરજદારનાં માંગણા નિવેદનનાં વિરુદ્ધમાં કોઈ

લેખિત જવાબ રજુ ન થતાં આંક–૪ ની અરજી લગત તા.૨૯–૦૯–૨૦૧૫ નાં રોજ થયેલ હુકમ મુજબ સામા.સંસ્થાનો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૬) હાલનું કામ અરજદારનાં પુરાવા માટે રાખતાં આંક–૫ થી અરજદાર તરફે તેમની લેખિત સરતપાસનું સોગંદનામુ તા.૩૦–૧૦–૨૦૧૫ નાં રોજ રજુ થયેલ છે. જે નીચે મુજબ છે.

**<u>અરજદાર તરફે મૌખિક પુરાવોઃ–</u>**

| અનુ.નં. | માર્ક/આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૫ | અરજદાર શ્રી ઝેવિયર માઈકલ ફ્રાન્સીસભાઈ જુબાનીનું સોગંદનામુ |

૬.૧) જે આંક–૫ નાં સોગંદનામા લગત ઉલટ તપાસ માટે સામાવાળા હાજર ન રહેતા આંક–૬ ની અરજી લગત તા.૦૮–૦૧–૨૦૧૬ નાં રોજ થયેલ હુકમ મુજબ અરજદારની ઉલટ તપાસનો હક્ક સામાવાળા સંસ્થાની ગેરહાજરીનાં કારણે બંધ કરવામાં આવેલ છે.

(૭) વધુમાં આ કામે આંક–૭ થી અરજદાર તરફે તા.૦૮–૦૧–૨૦૧૬ નાં રોજ પુરાવા બંધ પુરસીસ રજુ થયા બાદ સામા.સંસ્થા આ કામે હાજર ન રહેતા આંક–૮ ની અરજી લગત તા.૧૧–૦૩–૨૦૧૬ નાં રોજ થયેલ હુકમ મુજબ સામા.સંસ્થાનો મૌખિક પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૯ ની અરજી લગત હુકમ કરી સામા.સંસ્થાનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૧૦ થી તેમની પગાર ધારા અરજી નં.૩૮૩/૨૦૧૫ નાં કામે તા.૦૪–૦૩–૨૦૧૬ નાં રોજ થયેલ હુકમ રજુ કરવામાં આવેલ છે.

(૭.૧) વધુમાં આ કામે આંક–૧૧ થી આખરી એવોર્ડ તા.૧૫–૦૬–૨૦૧૬ નાં રોજ પસાર કરી અરજદારને નોકરીમાંથી છુટા કરવાનું સામા.સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસરનું ઠરાવી અરજદારને તેની નોકરીની મૂળ જગ્યાએ પડેલ દિવસોનાં ૪૦ ટકા પગાર તથા સળંગ

નોકરીથી પુનઃસ્થાપિત કરવા તેમજ રેફરન્સ ખર્ચ પેટે રૂા,૧,૦૦૦/– અરજદારને ચુકવવા સામા.સંસ્થા વિરુદ્ધ હુકમ કરવામાં આવેલ છે.

**૭.૨)** વધુમાં આ કામે આંક–૧૧ થી તા.૧૫–૦૬–૨૦૧૬ નાં રોજ થયેલ એકતરફી એવોર્ડથી નારાજ થઈ સામા.સંસ્થા દ્વારા પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૧૭ દાખલ કરવામાં આવતા જે પરચુરણ અરજીનાં કામે આંક–૮ થી તા.૨૦–૧૨–૨૦૧૭ નાં રોજ થયેલ હુકમ મુજબ સંસ્થાની પરચુરણ અરજી મંજુર કરી કામદારને ખર્ચ પેટે રૂા.૧૫,૦૦૦/– ચુકવવા હુકમ કરવામાં આવેલ છે. જે પરચુરણ અરજીનાં હુકમ મુજબ હાલનો રેફરન્સ કેસ ફરી બોર્ડ ઉપર લેતા અરજદાર તરફે આંક–૧૨ થી અરજી આપી તેઓને પરચુરણ અરજીનાં હુકમ મુજબની ખર્ચની રકમ મળી ગયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**૭.૩)** વધુમાં પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૧૭ નાં કામે થયેલ હુકમ મુજબ હાલનો કેસ ફરી ફાઈલે લઈ સામા.સંસ્થાને હાજર રહેવા નોટીસ કરવામાં આવતા જે નોટીસની બજવણી રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. મારફતે સામા.સંસ્થાને થયેલ હોવા છતાં સામા.સંસ્થા આ કામે તેમનો બચાવ રજુ કરવા હાજર ન રહેતાં આંક–૧૫ ની અરજી લગત હુકમ કરી સામા.સંસ્થાનો અરજદારની ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે અરજદાર તરફે આંક–૧૬ તથા આંક–૧૭ થી પુરાવો બંધ પુરસીસ રજુ થયા બાદ હાલનું કામ સામા.સંસ્થાનાં પુરાવા માટે રાખતા તેમજ સંસ્થા તરફે આ કામે હાજર થઈ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ ન થતાં આંક–૧૮ ની અરજી લગત થયેલ હુકમ મુજબ સામા.સંસ્થાનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**૭.૪)** વધુમાં આ કામે અરજદાર તરફે તેમનાં યુનિયન પ્રતિનિધિ શ્રી એસ.કે. કાઝીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. સામા.સંસ્થા આ કામે સમગ્ર કેસ કાર્યવાહી દરમ્યાન હાજર રહેલ નથી.

(૮) આ કામે રજુ થયેલ માંગણા નિવેદન તથા અરજદારની સોગંદ પરની જુબાની લક્ષમાં લેતા આ રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--:: મુ દ્દા ઓ ::--**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સંસ્થા દ્વારા તા.૨૨-૦૯-૨૦૧૪ નાં રોજ નોકરીમાંથી અરજદારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર નું અને રદબાતલ થવા પાત્ર હોવાથી અરજદાર તેમની નોકરીની મૂળ જગ્યાએ પડેલ દિવસોનાં પુરા પગાર સહિત પુનઃસ્થાપિત થવા હક્કદાર છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા તારણો નીચે મુજબ છે.

(૧) "અંશતઃહકારમાં"

(૨) આખરી હુકમ મુજબ.

**--:: કા ર ણો ::--**

(૧૦) **મુદ્દા નંબર-૧ અને ૨ :-**

૧૦.૧) આ કામે કેસ રેકર્ડ વંચાણે લેતા આંક-૧ થી રજુ માંગણા નિવેદન તથા આંક-૫ થી રજુ જુબાનીનાં સોગંદનામામાં અરજદારનાં જણાવ્યા મુજબ તેઓ સામા.સંસ્થામાં ડ્રાયવર તરીકે માસિક રૂા.૮,૦૦૦/- પગારથી છેલ્લા ૧ વર્ષથી કામગીરી કરતા હતા, સામા.સંસ્થા દ્વારા અરજદારને મજૂર કાયદા મુજબનાં નોકરીનાં કોઈ આધાર પુરાવા આપવામાં આવતા ન હતા. અરજદારે તેમનો બાકી પગાર અને કાયદેસરની લેણાંની માંગણી કરતા સંસ્થાએ તા.૨૨-૦૯-૨૦૧૪ નાં રોજથી અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું સોગંદ પર જણાવેલ છે. આ કામે સામા.સંસ્થા દ્વારા હાજર થઈ અરજદારનાં માંગણા નિવેદન તેમજ લેખિત સરતપાસની હકીકતોને કોઈપણ રીતે પડકારવામાં આવેલ નથી. સામા.સંસ્થાને શરૂઆતી તબક્કે આંક-૩ થી નોટીસની બજવણી થયેલ હોવાછતાં સંસ્થા આ કામે હાજર ન થતાં આંક-૧૧ થી સામા.સંસ્થા

વિરુદ્ધ એકતરફી એવોર્ડ કરવામાં આવેલ જે એકતરફી એવોર્ડ સામા.સંસ્થાએ પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૧૭ દાખલ કરતા હાલનો રેફરન્સ કેસ ગુણદોષ ઉપર ચલાવવા ફરીથી બોર્ડ પર લેવામાં આવેલ છે.

**૧૦.૨)** રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતા પરચુરણ અરજી નં.૧૩૬/૨૦૧૭ નાં કામે થયેલ હુકમ મુજબ હાલનો રેફરન્સ કેસ ગુણદોષ ઉપર ચલાવવા ફરીથી બોર્ડ પર લેવામાં આવ્યા બાદ સામા.સંસ્થાને આ કામે હાજર રહેવા નોટીસની બજવણી કરેલ હોવા છતાં સામા.સંસ્થા આ કામે હાજર રહેલ નથી. તેમજ અરજદારનાં માંગણા નિવેદન અને લેખિત સરતપાસને કોઈપણ રીતે પડકારેલ નથી ત્યારે અરજદારનાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ સામા.સંસ્થાએ તા.૨૨–૦૯–૨૦૧૪ નાં રોજ મૌખિક હુકમથી અરજદારને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું તથા કોઈ નોટીસ કે નોટીસ પગાર અથવા બેકારી વળતર ચુકવેલ ન હોવાનું માની શકાય તેમ હોય સામા.સંસ્થાનાં અરજદારને છુટા કરવાનાં કૃત્યથી આઈ.ડી.એક્ટની કલમ–૨૫(એફ) નો ભંગ થયેલ હોવાનું માની શકાય તેમ છે.

**૧૦.૩)** વધુમાં આ કામે અરજદારે તેમનાં માંગણા નિવેદન અને જુબાનીનાં સોગંદનામામાં પડેલ દિવસોનાં પુરા પગારની માંગણી કરેલ છે. આ કામે અગાઉ આંક–૧૧ થી થયેલ એકતરફી એવોર્ડમાં અરજદારને તેમની નોકરીની મૂળ જગ્યાએ પડેલ દિવસોનાં ૪૦ ટકા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ થયેલ છે. જે હુકમ મુજબ સામા.સંસ્થાએ અરજદારને પડેલ દિવસોનાં ૪૦ ટકા પગારની રકમ ચુકવી નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવતુ ન હોય ત્યારે આંક–૧૧ થી થયેલ એવોર્ડ મુજબ અરજદારને પડેલ દિવસોનાં પગારનાં ૪૦ ટકા પગાર તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, ઉપરોક્ત મુદ્દા નં.૧ નો જવાબ **"અંશતઃહકારમાં"** આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**--:: આ ખ રી હુ ક મ ::--**

(૧) આ કામનાં અરજદાર **શ્રી ઝેવિયર માઈકલ ફ્રાન્સીસભાઈ** નો હાલનો **રેફરન્સ (ટી) કેસ નંબર–૩૭૮/૨૦૧૫** આથી અંશતઃમંજુર કરવામાં આવે છે.

(૨) આ કામનાં સામાવાળા સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને તેમની નોકરીની મૂળ જગ્યાએ પડેલ દિવસો ૪૦ ટકા પગાર તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) રેફરન્સ કેસનાં સંજોગો જોતા સામા.સંસ્થાએ અરજદારને ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**અમદાવાદ**
**તારીખ–૦૩–૦૨–૨૦૨૨.**

**( દિપક હસમુખભાઈ ખંભાતી )**
**ન્યાયાધીશશ્રી,**
**મજુર અદાલત, અમદાવાદ.**
**જજ કોડ નં.જીજે૦૦૮૬૬.**